# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-11-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KHET PEDASH SAHAY

મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય ૭૫ હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરાઈ છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું છે કે, ખેડૂતોની ખેત પેદાશોને અનેક આફતો સામે રક્ષણ આપતી આ સહાયમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે ૧૩ હજાર ૯૮૨ ખેડૂતોને સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી અપાઇ છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને પોતાના ખેતરમાં જ સંગ્રહસ્થાન ઉભું કરવા માટે પ્રોત્સાહિત કરવા આ યોજના અમલમાં મૂકાઈ હતી. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ પોતાના ખેતરમાં ઓછામાં ઓછુ ૩૩૦ ચોરસ ફૂટ વિસ્તારનું એક પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવાનું હોય છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

હવે સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતને આ યોજના હેઠળ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા એક લાખ રૂપિયા બંનેમાંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવશે.

# CM Bombay Ele.-VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે એક દિવસ માટે મુંબઈના ચૂંટણી પ્રવાસે છે. તેઓ એક જ દિવસમાં ચાર જનસભાઓ સંબોધશે.

આ ઉપરાંત, તેઓ બાંદ્રા કુર્લા ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સભ્યો સાથે સંવાદ કરશે. ત્યારબાદ તેઓ જોગેશ્વરી વેસ્ટમાં ગુજરાત ભવન ખાતે બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત જનસભામાં ઉપસ્થિત રહેશે. શ્રી પટેલ વર્સોવા, અંધેરી, ઘાટકોપર પૂર્વ સહિત અન્ય સ્થળોએ સભા સંબોધશે.

# BJP MAHARASHTRA

કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલ મહારાષ્ટ્રની મુલાકાતે છે. તેમણે જલગાંવ વિધાનસભાના ભાજપ પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી.

# A’VAD AI DRONE

અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા મચ્છરજન્ય રોગોને નાથવા માટે AI આધારિત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી મચ્છર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવશે. ડ્રોન દ્વારા મચ્છર ઉત્પતિ સાઈટ શોધીને તેનો નાશ કરાશે, જે માટે કર્મચારીઓને તાલીમ પણ આપવામાં આવી રહી છે.

તળાવ, મોટા ખાડાઓ, કચરાનું ડમ્પિંગ, સાઈડ રોડની ઓફસાઇડિંગ, ખુલ્લી ટાંકીઓ અને ખુલ્લા પાત્રો વગેરે સ્થળોએ મેલેરિયા, ફાઇલેરિયા, ડેન્ગ્યુના પરોપજીવી મચ્છરોની ઉત્પત્તિ થતી હોય છે. તેના નિયંત્રણ માટે આવા વિસ્તારનો ડ્રોનથી સર્વે કરી સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળની વિગતવાર માહિતી ગ્રાઉન્ડ ટીમ અને ડ્રોન ટીમને ઓટોમેટિક મળી જશે. જ્યાં ગ્રાઉન્ડ ટીમ દ્વારા દવાનો છંટકાવ શક્ય ન હોય ત્યાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે.

આ અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા મલેરિયા અધિકારી જણાવે છે કે ઔદ્યોગિક એકમો અને રહેણાંક વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ સ્થળની સફાઈના સૂચનો આપ્યા બાદ પણ જો જરૂરી કામગીરી કરવામાં નહીં આવે તો એપિડેમિક એક્ટ મુજબ સરકારના ધારણ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# UNJHA JEERU

ઉંઝા માર્કેટયાર્ડમાં જીરાની આવક શરૂ થઈ ગઈ છે. રાજ્યના વિવિધ જિલ્લાઓ ઉપરાંત રાજસ્થાનમાંથી પણ ખેડૂતો ઉંઝામાં જીરું વેચાણ અર્થે લઇ જઇ રહ્યા છે. માર્કેટ યાર્ડમાં દરરોજ અંદાજે 13 હજાર બોરી જેટલું જીરું આવી રહ્યું છે. જેનો પ્રતિ મણ 4 હજાર, 700થી 4 હજાર, 800 વચ્ચે ચાલી રહ્યો છે. જીરાના પાક સામે પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

# BHAVNAGAR SAHAY

કથાકાર પૂજ્ય મોરારીબાપુએ ઉત્તરપ્રદેશના ઝાંસીની મેડિકલ કોલેજના એનઆઇસીયુમાં લાગેલી આગના બનાવમાં મૃતક બાળકોને શ્રદ્ધાંજલિ અને સહાય અર્પણ કર્યા છે. પૂજ્ય બાપુએ આ ઘટનામાં માર્યા ગયેલા બાળકોના પરિજનોને પ્રત્યેકને 15 હજાર રૂપિયા લેખે કુલ દોઢ લાખ રૂપિયાની સહાય અર્પણ કરી છે, જે વારાણસી સ્થિત શ્રોતાઓ દ્વારા પહોંચતી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ઝાંસીની મેડિકલ કોલેજના બાળ વિભાગમાં લાગેલી આગમાં દસ જેટલા નવજાત શિશુઓનું દુઃખદ મોત થયું છે.

# BRONZE IN BOXING

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા ખાતે યોજાયેલ 68માં અખિલ ભારતીય શાળા મહોત્સવમાં, રાજ્ય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ટીમણા મૂળના વિદ્યાર્થી પાર્થ ભોકળવાએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ગણેશ શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પાર્થે આ સિદ્ધી હાંસલ કરતા શાળાનું ગૌરવ વધાર્યું હોવાની લાગણી શિક્ષકોએ વ્યક્ત કરી હતી. ચાલુ વર્ષે ખેલ મહાકુંભમાં આ શાળાના પાંચ વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ ચંદ્રક જીત્યા હતા.